Friday
13.02.2026
*Volume :10 * Issue No.216
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી ૧૩ ફેબ્રુઆરીના રોજ સેવા તીર્થ અને કર્તવ્ય ભવન-૧ અને ૨નું ઉદ્ઘાટન કરશે

## કર્તવ્ય ભવન-૧ અને ૨માં નાણા, સંરક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શિક્ષણ અને અન્ય સહિત અનેક મુખ્ય મંત્રાલયો આવેલા છે

**આ ઉદ્ઘાટન ભારતના વહીવટી શાસન સ્થાપત્યમાં એક મોટો ફેરફાર દર્શાવે છે**



સેવા તીર્થમાં પ્રધાનમંત્રી કાર્યાલય, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને કેબિનેટ સચિવાલય આવેલા છે

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બપોરે ૧:૩૦ વાગ્યે સેવા તીર્થ ભવનનું નામકરણ કરશે. ત્યારબાદ પ્રધાનમંત્રી ઔપચારિક રીતે સેવા તીર્થ અને કર્તવ્ય ભવન-૧ અને ૨નું ઉદ્ઘાટન કરશે અને સાંજે ૬ વાગ્યે સેવા તીર્થ ખાતે એક જાહેર કાર્યક્રમને સંબોધિત કરશે. આ ઉદ્ઘાટન ભારતના વહીવટી શાસન સ્થાપત્યમાં એક મોટું પરિવર્તન દર્શાવે છે અને આધુનિક, કાર્યક્ષમ, સુલભ અને નાગરિક-કેન્દ્રિત શાસન ઈકોસિસ્ટમ બનાવવા માટે પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. દાયકાઓથી, સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં અનેક સ્થળોએ ફેલાયેલા જૂના અને જર્જરિત મકાનોમાં ઘણી મહત્વપૂર્ણ સરકારી કચેરીઓ અને મંત્રાલયો કાર્યરત હતા. આ વિખેરાયેલ વ્યવસ્થાના કારણે કાર્યવ્યવસ્થામાં ઘટાડો, સંકલન પડકારો, વધતા જાળવણી ખર્ચ અને નબળા કાર્યકારી વાતાવરણનો સામનો કરવો પડ્યો. નવીન ઈમારત સંકુલ આધુનિક, ભવિષ્ય માટે તૈયાર સુવિધાઓમાં વહીવટી કાર્યોને એકીકૃત કરીને આ મુદ્દાઓને સંબોધિત કરે છે. સેવા તીર્થમાં પ્રધાનમંત્રી કાર્યાલય, રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય અને કેબિનેટ સચિવાલય છે જે અગાઉ અલગ અલગ સ્થળોએ સ્થિત હતા. કર્તવ્ય ભવન-૧ અને ૨માં નાણાં મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, કોર્પોરેટ બાબતોનું મંત્રાલય, શિક્ષણ મંત્રાલય, સંસ્કૃતિ મંત્રાલય, કાયદો અને ન્યાય મંત્રાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલય, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, રસાયણો અને ખાતર મંત્રાલય અને આદિજાતિ બાબતોના મંત્રાલય સહિત અનેક મુખ્ય મંત્રાલયોના કાર્યાલયો આવેલા છે. બંને બિલ્ડિંગ કોમ્પ્લેક્સમાં ડિજિટલી ઈન્ટિગ્રેટેડ ઓફિસો, સ્ટ્રક્ચર્ડ પબ્લિક ઈન્ટરફેસ ઝોન અને સેન્ટ્રલાઈઝ્ડ રિસેપ્શન છે. આ સુવિધાઓ સહયોગ, કાર્યક્ષમતા, સરળ શાસન, નાગરિક ભાગીદારીમાં વધારો અને કર્મચારીઓની સુખાકારીમાં સુધારો કરશે. ૪-સ્ટાર GRIHA ધોરણો અનુસાર ડિઝાઈન કરાયેલ, આ કોમ્પ્લેક્સમાં નવીનીકરણીય એનર્જી સિસ્ટમ, જળ-વ્યવસ્થાપનના પગલાં, વેસ્ટ મેનેજમેન્ટ સોલ્યૂશન અને હાઈ પર્ફોમન્સ બિલ્ડિંગ એન્વલપનો સમાવેશ થાય છે. આ પગલાં પર્યાવરણીય પ્રભાવને નોંધપાત્ર રીતે ઘટાડે છે અને કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો કરે છે. બિલ્ડિંગ કોમ્પ્લેક્સમાં સ્માર્ટ એક્સેસ કંટ્રોલ સિસ્ટમ્સ, સર્વેલન્સ નેટવર્ક્સ અને અદ્યતન કટોકટી પ્રતિભાવ માળખા સહિત વ્યાપક સલામતી અને સુરક્ષા માળખાનો પણ સમાવેશ થાય છે, જે અધિકારીઓ અને મુલાકાતીઓ માટે સલામત અને સુલભ વાતાવરણ સુનિશ્ચિત કરે છે.

# વિદેશમાં નોકરીની ગેરંટી અને ઝડપી વિઝાની લાલચ આપતી ફેક એજન્સીઓ સામે સાવધાની એ જ ઉપાય

## ફેક વિઝા સ્કેમથી બચવા માટે એજન્ટ પર નિર્ભર રહેવાને બદલે જે-તે દેશના દૂતાવાસ (Embassy) અથવા અધિકૃત કેન્દ્રોનો સીધો સંપર્ક કરવો હિતાવહ: સાયબર તજ્જ્ઞો




વિઝા ફ્રોડનો ભોગ બનનારે તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર '૧૯૩૦' અથવા www.cybercrime.gov.in પર ઓનલાઇન ફરિયાદ કરવી જોઈએ

કમલમ્,

વર્તમાન સમયમાં વિદેશ જઈ અભ્યાસ કે નોકરી કરવાની ઈચ્છા ધરાવતા નાગરિકોની સંખ્યામાં વધારો થયો છે. જેનો ગેરફાયદો ઉઠાવીને કેટલાક લેભાગુઓ ફેક વિઝા એજન્સી બનાવીને નિર્દોષ લોકોને છેતરતાં પણ હોય છે. ત્યારે આવી બનાવટી એજન્સી કેવી રીતે લોકોને ફસાવી શકે છે અને કેવી રીતે સાવધાન રહી શકાય તેના વિશે જાણીએ.

સામાન્ય નાગરિકોને વિઝા સ્કેમનો ભોગ બનાવતી ફેક એજન્સીઓ પોતાને કાયદેસરના વિઝા સર્વિસ પ્રોવાઈડર તરીકે રજૂ કરે છે. તેઓ અરજદારોને વિવિધ પ્રકારની લાલચ આપી જાળમાં ફસાવે છે. જેમ કે, અપફ્રન્ટ પેમેન્ટ સ્કેમ. જેમાં વિઝાની પ્રક્રિયાના બહાને મોટી રકમ એડવાન્સમાં મેળવી એજન્સી અદૃશ્ય થઈ જાય છે. આવી એજન્સીઓ વિઝા મળવાની ખોટી ખાતરી આપી વિશ્વાસ સંપાદન કરે છે. ત્યાર બાદ વિદેશમાં નોકરી અપાવવાના બહાને ફી વસૂલવામાં આવે છે.

આ માટે નકલી નોકરીની ઓફર પણ આપવામાં આવે છે. ખાસ કરીને, અરજદારોને ખોટા દસ્તાવેજો બનાવી આપી કાનૂની મુશ્કેલીમાં મૂકે છે. તદુપરાંત, વિઝા પ્રોસેસના નામે ક્યારેક લોકોની વ્યક્તિગત અને નાણાકીય માહિતીની ચોરી કરી તેનો દુરુપયોગ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, જો કોઈ એજન્સી કામ પૂર્ણ થયા પહેલાં જ સંપૂર્ણ ફી ચૂકવવા માટે દબાણ કરતી હોય, એજન્સી પાસે કાયદેસરના પુરાવા કે લાયસન્સ ન હોય, ખૂબ જ ટૂંકા સમયમાં એટલે કે 'ઝડપી વિઝા' અપાવવાનું વચન આપતી હોય કે નિર્ણય લેવા માટે અરજદાર પર સતત માનસિક દબાણ કરતી હોય, તો અરજદારે તરત સાવચેત થઈ જવાની સલાહ સાયબર તજ્જ્ઞો આપે છે. આ પ્રકારે છેતરપિંડીના વધતા કિસ્સાઓને ધ્યાને રાખી સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા જનજાગૃતિ માટેની ખાસ માર્ગદર્શિકા પણ જાહેર કરવામાં આવી છે. જે મુજબ,

- એજન્સી પાસે વિઝા કામગીરી માટેની સત્તાવાર મંજૂરી છે કે નહીં તેની અગાઉથી તપાસ કરવી.
- કોઈ પણ એજન્ટ પર નિર્ભર રહેવાને બદલે જે તે દેશના દૂતાવાસ (Embassy) અથવા અધિકૃત કેન્દ્રોનો સીધો સંપર્ક કરવો.
- 'વિઝા ગેરંટી' આપતી લલચામણી સ્કીમો અને કંપનીઓથી દૂર રહેવું.
- નાણાકીય વ્યવહાર માટે હંમેશાં સુરક્ષિત પેમેન્ટ પદ્ધતિઓનો જ ઉપયોગ કરવો અને રસીદ આગ્રહપૂર્વક મેળવવી.

આમ છતાં, જો કોઈ નાગરિક આવી છેતરપિંડીનો ભોગ બને, તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન અથવા સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર '૧૯૩૦' કે પછી www.cybercrime.gov.in પર ઓનલાઈન ફરિયાદ કરવી જોઈએ.

ભાષાના અવરોધો દૂર કરવા રાજ્ય સરકાર સજ્જ

# AI આધારિત 'ભાષિણી' ટૂલ્સ થકી ગુજરાતી સહિત સ્થાનિક ભાષાઓનો વધુ સારો ઉપયોગ થઈ શકશે:મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયા

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાના 'ભાષિણી રાજ્યમ' વર્કશોપનું કરાયું સફળ આયોજન








કમલમ્,

AI આધારિત 'ભાષિણી' ટૂલ્સ થકી ગુજરાતી સહિત દેશની વિવિધ સ્થાનિક ભાષાઓનો વધુ સારો ઉપયોગ થઈ શકશે. પોતાની ભાષા અને બોલી જાળવી રાખવી એ આપણા સૌની ફરજ છે. ભારત વિવિધતા ધરાવતો દેશ છે એટલે જ દરેક પ્રદેશની બોલી-ભાષા અલગ અલગ છે. ડિજિટલ યુગમાં ભાષિણી ટૂલ્સના માધ્યમથી હવે અંગ્રેજી સહિત કોઈપણ ભાષામાંથી તેનું સ્થાનિક ભાષામાં ભાષાંતર કરી શકાય છે, જેથી વિષય-ભાષાને સમજવામાં વધુ સરળતા રહેશે, તેમ આજે ગાંધીનગર ખાતે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું. ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ અને ભારત સરકારના MeitY અંતર્ગત 'ડિજિટલ ઈન્ડિયા ભાષિણી' ના સંયુક્ત ઉપક્રમે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે 'ભાષિણી રાજ્યમ – ગુજરાત ચેપ્ટર' વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાના વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ 'અક્ષર દ્રષ્ટિ' પોર્ટલનું લોન્ચિંગ કરીને નાગરિકોની સેવામાં કાર્યરત કર્યું હતું. આ સમગ્ર વર્કશોપ દરમિયાન સરકારી સેવાઓમાં ભાષાંતરની આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે વધારવો તેઅંગે વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મંત્રી શ્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ભાષાના કારણે કોઈપણ કામ અટકવું જોઈએ નહીં તેવા મંત્ર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'ડિજિટલ ઈન્ડિયા' અંતર્ગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ- AI આધારિત ભાષિણી ટૂલ્સ વિકસાવવામાં આવ્યું છે. જેના અમલથી ભારતીયોને વૈશ્વિક સ્તરે સંવાદ કરવામાં ખૂબ જ સરળતાની સાથે અન્ય ઉપર આધારિત રહેવું નહીં પડે અને કામમાં વધુ ઝડપ આવશે. મંત્રીશ્રીએ જાપાનનું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે, જાપાનમાં એક પણ સાઈન બોર્ડ અંગ્રેજી ભાષામાં નથી પરંતુ તેની પોતાની ભાષામાં છે. આગામી સમયમાં શાળા, કોલેજ અને વિશ્વવિદ્યાલયમાં પણ આ ટૂલ્સના ઉપયોગથી વિદ્યાર્થીઓ વધુ ભાષાઓ સમજી અને શીખી શકશે જેથી તેમના જ્ઞાનમાં વધારો થશે. મંત્રી શ્રી કહ્યુંહતું કે, AI આધારિત 'ભાષિણી' પોર્ટલ થકી ગુજરાત સરકારની વેબસાઈટ અને પરિપત્રોને પણ અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવી શક્યા છીએ. રાજ્ય સરકારની બહુભાષીડિજિટલશાસનનેપ્રોત્સાહન આપતી રાષ્ટ્રીય પહેલ ભાષિણી વિષયક આ એક દિવસીય વર્કશોપ કર્મચારીઓ-અધિકારીઓ માટે ખૂબ જ મહત્વનો સાબિત થશે. તેમણે કહ્યું કે, અસરકારક અને સમાવેશી જાહેર સેવા પ્રદાન માટે ભાષા એક મહત્વપૂર્ણ સાધન છે. નાગરિકોને સમજાય તેવી ભાષામાં સેવાઓ ઉપલબ્ધ થાય ત્યારે જ ડિજિટલ ગવર્નન્સના હેતુઓ સિદ્ધ થાય છે. ગુજરાતમાં મોટા ભાગના નાગરિકો ગુજરાતી તથા અન્ય ભારતીય ભાષાઓમાં સંવાદ કરવાનું પસંદ કરે છે. તેથી સરકારી સેવાઓમાં ભાષા અવરોધ ન બને તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે. મંત્રી શ્રી મોઢવાડિયાએ કહ્યું કે, કેન્દ્ર સરકારના સૈંરૂ દ્વારા ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ શરૂ કરાયેલ ભાષિણી ભાષાંતર, અવાજ આધારિત સેવા અને બહુભાષી AI સુવિધાઓ માટે એક સામાન્ય રાષ્ટ્રીય પ્લેટફોર્મ પુરુ પાડે કરે છે. ભાષિણીના અમલથી નાગરિક સેવા પોર્ટલ, હેલ્પડેસ્ક, ચેટબોટ અને અવાજ આધારિત સેવાઓને સ્થાનિક ભાષામાં ઉપલબ્ધ કરી શકાય છે, જેના દ્વારા વધુ પારદર્શિતા, સુલભતા અને સમાવેશિતા આવે છે. આ રાષ્ટ્રીય ડિજિટલ પહેલમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે હંમેશા અગ્રેસર ભૂમિકા ભજવી છે તેમ, જણાવી ભાષિણી ટૂલ્સનો મહત્તમ ઉપયોગ કરીને તેને જન-જન સુધી લઈ જવા મંત્રીશ્રીએ સૌને અનુરોધ કર્યો હતો. ડિજિટલ ઈન્ડિયા 'ભાષિણી' ડિવિઝનના CEO શ્રી અમિતાભ નાગે વર્કશોપના સફળ આયોજન બદલ રાજ્ય સરકારની પ્રશંસા કરતા કહ્યું હતું કે, ભાષિણી રાજયમ વર્કશોપના આયોજનથી અધિકારીઓ-કર્મચારીઓ અંગ્રેજી સિવાયની સ્થાનિકભાષાનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકાશે, જે શાસન વ્યવસ્થામાં ખૂબમદદરૂપ થશે. ભારત એ ભાષાનો? સમૃદ્ધ વારસો ધરાવે છે, જેથી તમામ ભાષાઓ જાણવી-સમજવી જરૂરી છે. ભારતીય ભાષાઓને જાણવા માટે હવે AI આધારિત ભાષિણી ટૂલ્સ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. જે AI આધારિત ટૂલ્સ હોવાથી તેમાં નાના-મોટા સુધારા-વધારા કરવા જરૂરી છે. ટેકનોલોજીના માધ્યમથી ભાષિણીમાં સમયાંતરે શોધ અને સંશોધન થઈ રહ્યા છે જે તેને વધુ શ્રેષ્ઠ, સચોટ અને સરળ બનાવશે તેવું શ્રી અમિતાભ નાગે ઉમેર્યું હતું. આ પ્રસંગે શ્રી અમિતાભે અંગ્રેજીમાં કરેલા સમગ્ર સંબોધનનું ભાષિણી ટૂલ્સ થકી ગુજરાતીમાં લાઈવ ટ્રાન્સલેશન કરીને બતાવવામાં આવતું હતું. આ પ્રસંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી સચિવ શ્રી પી. ભારતીએ જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ–AI એ માત્ર ટેકનોલોજી નથી, પરંતુ તે વહીવટી ક્ષમતા અને નાગરિકોને વધુ સશક્ત બનાવવાનું માધ્યમ છે. આપણે AIનો ઉપયોગ ઉત્તમ સેવા અને સરળતા વધારવા માટે કરવા માંગીએ છીએ. સાથે જ, તે વિશ્વાસપાત્ર, સુરક્ષિત, પ્રાઈવેસીનું રક્ષણ કરનાર અને સર્વસમાવેશક તેમજ દરેક નાગરિક માટે દરેક ભાષામાં કામ કરતું હોવું જોઈએ. 'ભાષિણી' ખાસ કરીને વૉઈસ અને લેંગ્વેજ ટૂલ્સ બનાવવામાં મદદ કરે છે, જેથી નાગરિકો તેમની પસંદગીની ભાષામાં ડિજિટલ સેવાઓ મેળવી શકે. ગુજરાત સરકારના પ્રયાસોની વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર ટૂંક સમયમાં AI પર ધ્યાન કેન્દ્રિત કરતું 'ડીપ ટેક મિશન' જાહેર કરવા જઈ રહી છે. આ ઉપરાંત ગિફ્ટ સિટીમાં 'ઈન્ડિયન AI રિસર્ચ ઓર્ગેનાઈઝેશન' અને 'AI સેન્ટર ઓફ એક્સેલન્સ' તેમજ ગાંધીનગર ખાતે ડેટા સેન્ટર ઈકોસિસ્ટમ અને ભવિષ્ય માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના કરવામાં આવશે. ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડના એમડી શ્રી અરવિંદ વિજયને સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ થકી રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં આંતરિક વહીવટ અને નાગરિક કેન્દ્રીત સેવાઓ વધુ ઉત્તમ બની શકે છે, જે અંતર્ગત 'ભાષિણી' ટૂલ ખૂબ જ સુસંગત છે. આ ઉપરાંત રાજ્ય સરકારના વિવિધ વિભાગો જ્યારે અલગ-અલગ AI સોલ્યુશન્સ અપનાવી રહ્યા છે, ત્યારે તમામ પોર્ટલ વચ્ચે સંકલન જળવાય તે માટે 'યુનિફાઇડ AI પોલિસી' અને ચોક્કસ ધોરણો નિર્ધારિત કરવા પર તેમણે ભાર મૂક્યો હતો. Gujarat Unified Data Stack-GUDS પ્રોજેક્ટ હેઠળ એક યુનિફાઇડ ડેટા પોર્ટલ બનાવવામાં આવશે. આ પોર્ટલ દ્વારા નાગરિકોના ડેટાનો એક 'ગોલ્ડન રેકોર્ડ' તૈયાર થશે, જેનાથી ડેટા માઈનિંગ અને સરકારી યોજનાઓના અમલીકરણમાં સચોટતા આવશે. ડિજિટલ ઈન્ડિયા ભાષિણી ડિવિઝન-DIBDના સિનિયર મેનેજર શ્રી અજય સિંઘ રાજાવતે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ એક દિવસીય વર્કશોપ દરમિયાન નિષ્ણાંતો દ્વારા 'ભાષિણી' ઉડયત, 'ભાષિણી' એપ મિત્ર, 'ભાષિણી' પ્રવક્તા, કાનૂની અને નિયમન જેવા વિવિધ વિષયો ઉપર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ વર્કશોપમાં વિવિધ વિષય નિષ્ણાંતો, MeitY અને રાજયભરમાંથી GILના ઉચ્ચ અધિકારીઓ–કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

વર્તમાન સમયમાં બદલાતી જતી જીવનશૈલી અને આહાર પદ્ધતિ વચ્ચે નાગરિકોના સ્વાસ્થ્યની જાળવણી એ રાજ્ય સરકારની સર્વોચ્ચ અગ્રતા રહી છે. ખાસ કરીને બાળકો, કિશોરીઓ અને સગર્ભા માતાઓમાં જોવા મળતા કુપોષણ અને એનિમિયા (લોહીની ઉણપ) જેવી સમસ્યાઓના કાયમી નિવારણ માટે ગુજરાત સરકાર દ્વારા આહારમાં 'ફોર્ટિફિકેશન'નો નવતર અભિગમ અપનાવીને એક સ્વાસ્થ્ય ક્રાંતિની શરૂઆત કરવામાં આવી છે. ઘણીવાર આપણે પેટભરીને જમીએ છીએ, પરંતુ શું આપણા ભોજનમાં શરીર માટે જરૂરી એવા સૂક્ષ્મ પોષકતત્વો પૂરતી માત્રામાં હોય છે? આ જ પ્રશ્નના ઉકેલ રૂપે સરકાર દ્વારા 'ફૂડ ફોર્ટિફિકેશન'નો વ્યાપ વધારવામાં આવ્યો છે. આ કોઈ દવા નથી, પરંતુ આપણા રોજિંદા ખોરાકને શક્તિશાળી બનાવવાની એક વૈજ્ઞાનિક રીત છે, જેમાં ખોરાકની પ્રાકૃતિકતા કે સ્વાદમાં કોઈ ફેરફાર કર્યા વિના તેમાં આયર્ન, આયોડિન અને વિટામિન્સ જેવા સૂક્ષ્મ પોષકતત્ત્વોની માત્રા વધારવામાં આવે છે. લોહીની ઉણપ એટલે કે એનિમિયાની સમસ્યા આજે વ્યાપક છે, જેના નિવારણ માટે સરકાર દ્વારા NFSA કાર્ડધારકોને વાજબી ભાવની દુકાનેથી 'કલ્પતરુ' બ્રાન્ડનું ડબલ ફોર્ટિફાઈડ મીઠું પૂરું પાડવામાં આવે છે. આ મીઠામાં આયોડિનની સાથે 'આયર્ન' (લોહતત્વ) નો સમન્વય કરવામાં આવ્યો છે, જે બાળકોના શારીરિક-માનસિક વિકાસ અને મહિલાઓમાં એનિમિયા અટકાવવા માટે અનિવાર્ય છે. આ મીઠામાં દેખાતા નાના કાળા કણો એ હકીકતે આયર્ન છે, જે સાબિત કરે છે કે તમારું મીઠું પોષણથી ભરપૂર છે. આ મીઠું વાપરવાથી ભોજનના સ્વાદમાં કોઈ ફેર પડતો નથી અને તે પરિવારના તમામ સભ્યો માટે હિતાવહ છે. જોકે, તેના મહત્તમ લાભ મેળવવા માટે રસોઈ બની જાય ત્યાર બાદ જ આ મીઠું ઉપરથી ઉમેરવું જોઈએ અને તેને ચુસ્ત બરણીમાં ભરી રાખવું જોઈએ. રાજ્ય સરકારના આ પોષણ અભિયાનમાં ફોર્ટિફાઈડ ચોખા પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આ ચોખામાં 'ફોર્ટિફાઈડ રાઈસ કર્નલ' ઉમેરવામાં આવે છે, જે ફોલિક એસિડ, વિટામિન બી-૧૨ અને આયર્ન જેવા પોષક તત્વોથી સભર હોય છે. આ તત્વો મગજની કાર્યક્ષમતા વધારવા, રક્તકણોના ઉત્પાદન અને ગર્ભમાં રહેલા શિશુના યોગ્ય વિકાસ માટે અત્યંત જરૂરી છે. ફોર્ટિફાઈડ ચોખાનો સંગ્રહ, રાંધવાની પદ્ધતિ અને સ્વાદ સામાન્ય ચોખા જેવા જ હોવાથી તેનો ઉપયોગ ખીચડી, પુલાવ કે અન્ય વાનગીઓમાં નિઃસંકોચ કરી શકાય છે. આપણું ભાવિ એવા બાળકોના સ્વાસ્થ્ય માટે સરકાર સતત ચિંતિત છે, તેથી જ પ્રાથમિક શાળાઓમાં પી.એમ. પોષણ યોજના અંતર્ગત તેમજ આંગણવાડીઓમાં બાળકોને ફોર્ટિફાઈડ લોટ, તેલ અને ચોખા દ્વારા શક્તિશાળી આહાર પૂરો પાડવામાં આવે છે. તંદુરસ્ત શરીર એ જ સાચી મૂડી છે અને આ સૂત્રને સાર્થક કરવા માટે દરેક નાગરિકે જાગૃત બનવું અનિવાર્ય છે.

# કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ ઐતિહાસિક, ભવિષ્યવાદી; ઉત્તર-પૂર્વ માટે મજબૂત પ્રોત્સાહન: શિવરાજસિહ ચૌહાણ



**આસામ માટે ૬૦,૫૦૦ મેટ્રિક ટન રાયડા/સરસવની MSP પર ખરીદીને મંજૂરી આપવામાં આવી**

કમલમ્,

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને કૃષિ તથા ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે ગુવાહાટી ખાતે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ અંગે પત્રકાર પરિષદને સંબોધિત કરી હતી. મીડિયાને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આ બજેટ ઐતિહાસિક અને ભવિષ્યવાદી છે અને તે રાષ્ટ્રની સાથે સાથે ઉત્તર-પૂર્વીય ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવશે. કેન્દ્રીય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બજેટ વિકસિત ભારતના વિઝનને પ્રતિબિંબિત કરે છે અને ૨૦૪૭ સુધીમાં આત્મનિર્ભર, સશક્ત અને સમૃદ્ધ ભારતના નિર્માણ માટે મજબૂત પાયો નાખે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બજેટ સર્વસમાવેશી વિકાસ અને સામાજિક સમૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સુનિશ્ચિત કરે છે કે લાભ સમાજના દરેક વર્ગ સુધી પહોંચે. ઉત્તર-પૂર્વ પ્રત્યે કેન્દ્રની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડતા કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી હતી કે ઉત્તર-પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રાલય (MDoNER) ને ૬,૮૧૨ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે અગાઉના બજેટ કરતા ૮૯૭ કરોડ વધુ છે. તેમણે કહ્યું કે આ વધેલી ફાળવણી આ ક્ષેત્રમાં વિકાસને વેગ આપવા તરફ કેન્દ્ર સરકારની પ્રાથમિકતાને સ્પષ્ટપણે દર્શાવે છે. આસામ વિશે વાત કરતા તેમણે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ટેક્સ ડિવોલ્યુશન (કર હસ્તાંતરણ) પેટે ૪૯,૭૨૫ કરોડનું બજેટ રાખવામાં આવ્યું છે. ૨૦૧૪ થી, આસામને ટેક્સ ડિવોલ્યુશન દ્વારા અંદાજે ૩.૧૨ લાખ કરોડ મળ્યા છે. બજેટમાં જાહેર કરાયેલ આરોગ્યસંભાળ પહેલોમાં બાયોફાર્મા શક્તિ (Biopharma SHAKTI - Strategy for Healthcare Advancement through Knowledge, Technology and Innovation) છે, જેમાં પાંચ વર્ષમાં ૧૦,૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે, જેનો હેતુ બિન-ચેપી રોગોના વધતા બોજને પહોંચી વળવા માટે જૈવિક અને બાયોસિમિલર્સમાં સ્થાનિક ક્ષમતાઓને મજબૂત કરવાનો છે. આ પહેલના ભાગરૂપે, NIPER ગુવાહાટી જેવી હયાત સંસ્થાઓને અપગ્રેડ કરવામાં આવશે, જે આ ક્ષેત્રમાં સંશોધન, નવીનતા અને કુશળ માનવશક્તિના વિકાસમાં યોગદાન આપશે. કેન્દ્રીય મંત્રીએ વધુમાં માહિતી આપી હતી કે ખેડૂતોના કલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરતા આ વર્ષે કૃષિ બજેટ વધારીને ૧,૩૨,૫૬૧ કરોડ કરવામાં આવ્યું છે. નવીનતા અને વૈજ્ઞાનિક પ્રગતિને મજબૂત કરવા માટે કૃષિ શિક્ષણ અને સંશોધન માટે ૯,૯૬૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સસ્તું ખાતર ઉપલબ્ધ થાય અને ખેડૂતો માટે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય તે સુનિશ્ચિત કરવા માટે ૧,૭૦,૯૪૪ કરોડની ખાતર સબસિડી પૂરી પાડવામાં આવી છે. ગ્રામીણ વિકાસ મંત્રાલય વિશે વાત કરતા કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી હતી કે આ વર્ષે બજેટમાં ૨૧ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ અંતર્ગત અગાઉના MGNREG એક્ટ હેઠળના માત્ર ૮૬,૦૦૦ કરોડની સરખામણીમાં 'VB - G RAM G' એક્ટ માટે ૧.૫૧ લાખ કરોડથી વધુની જોગવાઈ કરવામાં આવી છે. આ પ્રસંગે મંત્રીએ એમ પણ જાહેર કર્યું હતું કે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે રાજ્યમાં પ્રાઈસ સપોર્ટ સ્કીમ હેઠળ લઘુત્તમ ટેકાના ભાવે (MSP) રવિ ૨૦૨૬ સીઝન માટે ૬૦,૫૦૦ મેટ્રિક ટન રાયડો/ સરસવની ખરીદી માટે આસામ સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આનાથી ખેડૂતોને વળતરદાયક ભાવ સુનિશ્ચિત થશે અને તેમને મજબૂરીમાં વેચાણ કરતા અટકાવશે. તેમણે વધુમાં માહિતી આપી હતી કે કઠોળમાં આત્મનિર્ભરતા માટેના મિશન (Mission for Aatmanirbharta in Pulses) હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે આસામને ૧૦૪.૧૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ પ્રસંગે આસામના કૃષિ મંત્રી શ્રી અતુલ બોરા અને આસામના પશુપાલન અને વેટરનરી મંત્રી શ્રી કૃષ્ણેન્દુ પોલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રીલંકામાં ઐતિહાસિક પ્રદર્શન પછી ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષો ભારત પરત ફર્યા

**પવિત્ર અવશેષોના પ્રદર્શનમાં દસ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ હાજરી આપી**



કમલમ્,

શ્રીલંકાના કોલંબોમાં આવેલા પ્રતિષ્ઠિત ગંગારામાયા મંદિરમાં એક અઠવાડિયા સુધી જાહેર પ્રદર્શન કર્યા પછી, ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષો આજે ભારત પરત ફરી રહ્યા છે. પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય પ્રદર્શન માટે વિદેશમાં લઈ જવામાં આવેલા પવિત્ર અવશેષોને મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલ અને અરુણાચલ પ્રદેશના નાયબ મુખ્યમંત્રી શ્રી ચૌના મીનના નેતૃત્વ હેઠળના ઉચ્ચ સ્તરીય ભારતીય પ્રતિનિધિમંડળ દ્વારા પરત લાવવામાં આવી રહ્યા છે, જેમાં વરિષ્ઠ બૌદ્ધ સાધુઓ અને અધિકારીઓનો સમાવેશ થાય છે. શ્રીલંકાના મંત્રીઓ અને શ્રીલંકામાં ભારતીય ઉચ્ચાયુક્તની હાજરીમાં ભંડારનાયકે આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર ઔપચારિક વિદાય સમારંભ યોજાયો હતો.

સાત દિવસીય પ્રદર્શન દરમિયાન, શ્રીલંકાના વિવિધ ભાગોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ અવશેષોને શ્રદ્ધાંજલિ આપવા માટે ગંગારામાયા મંદિરની મુલાકાત લીધી હતી. જાહેર પૂજામાં દસ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો, જેના કારણે પ્રદર્શન એક મુખ્ય આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સીમાચિહ્નરૂપ બન્યું હતું. પ્રધાનમંત્રી, કેબિનેટ મંત્રીઓ, સંસદસભ્યો, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ અને અન્ય મહાનુભાવો સહિત શ્રીલંકાના ઘણા વરિષ્ઠ નેતાઓએ પ્રદર્શન દરમિયાન શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન મહામહિમ રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે કર્યું હતું અને શ્રીલંકાના નેતૃત્વએ આ ઐતિહાસિક આધ્યાત્મિક ઘટનાને શક્ય બનાવવા બદલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ભારતના લોકોનો આભાર માન્યો હતો. ભારત તરફથી, ઉદ્ઘાટનમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ હાજરી આપી હતી. પ્રદર્શનની સાથે, "ડિસ્કવરિંગ સેક્રેડ પિપ્રહવા" અને "સેક્રેડ રેલીક્સ એન્ડ કલ્ચરલ લિંક્સ ઈન ટુડેઝ ઈન્ડિયા" શીર્ષકવાળા વિશેષ પ્રદર્શનો પણ યોજવામાં આવ્યા હતા, જે ભારત અને શ્રીલંકા વચ્ચેના સહિયારા બૌદ્ધ વારસા અને સભ્યતા સંબંધોને દર્શાવે છે. આ ઐતિહાસિક પ્રદર્શનની જાહેરાત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ એપ્રિલ ૨૦૨૫માં શ્રીલંકાની તેમની રાજ્યમુલાકાત દરમિયાન કરી હતી. તે ભારત અને શ્રીલંકા વચ્ચે સદીઓ જૂના આધ્યાત્મિક અને સભ્યતા સંબંધોને વધુ મજબૂત બનાવે છે. તે વિશ્વભરમાં બૌદ્ધ વારસાના રક્ષક તરીકે ભારતની ભૂમિકા અને શ્રીલંકા સાથે લોકો-થી-લોકોના અને સાંસ્કૃતિક સંબંધોને વધુ ગાઢ બનાવવાની તેની સતત પ્રતિબદ્ધતાને પણ મજબૂત બનાવે છે. ભારતથી એક ખાસ પ્રતિનિધિમંડળ ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોને શ્રદ્ધા, આદર અને ગૌરવ સાથે લઈને ભારત માટે રવાના થયું. આ શુભ અવસર સાથે ભારત અને શ્રીલંકા વચ્ચે સહિયારા બૌદ્ધ વારસાના ઐતિહાસિક અને ભાવનાત્મક અધ્યાય સમાપ્ત થયો છે.

# સુરત મહાનગર દ્વારા "સમર્પણ દિન" ની ઉજવણી કરવામાં આવી

**ભારતીય જનસંઘ ના સંસ્થાપક અને દ્વિતીય પ્રમુખ શ્રદ્ધેય આદરણીય પંડિત દિનદયાલ ઉપાદયાયજી ની પુણ્યતિથિ નિમીતે આજ ૧૧ ફેબ્રુઆરીના રોજ " સમર્પણ દિન " ની ઉજવણી મુખ્ય વક્તા ડો. શ્રી સંજયભાઈ દેસાઈ, પ્રદેશ મંત્રીશ્રી તથા સુરત મહાનગરના યશસ્વી પ્રમુખ શ્રી પરેશ પટેલજીની વિશેષ ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટી -સુરત મહાનગર દ્વારા કરવામાં આવી.**



કમલમ્,

ભારતીય જનતા પાર્ટી -- સુરત મહાનગર મુખ્ય કાર્યાલય , પંડિત દિનદયાલ ભવન , ઉધના ખાતે શ્રદ્ધેય આદરણીય પંડિત દિનદયાલ ઉપાધ્યાયજી ની પુણ્યતિથિ નિમીતે " સમર્પણ દિન " રૂપે તેમની જીવની જણાવતી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શ્રદ્ધેય આદરણીય પંડિત દિનદયાલ ઉપાધ્યાયજીના ફોટા ઉપર પુષ્પાંજલિ કરી તથા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. સુરત મહાનગરના યશસ્વી પ્રમુખ શ્રી પરેશ પટેલજી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું . કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ.શ્રી સંજયભાઈ દેસાઈએ પ્રસંગોચિત ઉદબોધન કરતા સર્વ પ્રથમ જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટીના ભીષ્મ પિતામહ એવા ભૂતપૂર્વ પ્રધાનમંત્રી આદરણીય શ્રી અટલ બિહારી બાજપાઈજીએ કહ્યું હતું કે આજે ભારતીય જનતા પાર્ટીના જેટલા પણ સમર્પિત અને શિસ્તબદ્ધ કાર્યકર્તાઓ છે તેના મૂળમાં પંડિત દિનદયાલ ઉપાધ્યાયજી છે. વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે તેઓએ અત્યોંદય યોજના દ્વારા હંમેશા છેવાડાના માનવીની ચિંતા કરી હતી . આજે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓમાં જે શિસ્તબદ્ધતા અને સમર્પણની ભાવના છે તે તેઓને જ આભારી છે. તેઓએ હંમેશા એકાત્મ માનવવાદ ની વાત કરી હતી , જે અંતર્ગત તેઓએ હંમેશા જણાવ્યું હતું કે મતભેદ હોય શકે છે પણ મનભેદ ના હોય શકે . તેઓએ કહ્યું હતું કે માત્ર મૂડીવાદથી નહીં પણ છેવાડાના માનવી જ્યારે સુખી થશે ત્યારે સાચું સુખ આવશે . છેવાડાનો માનવી જ્યારે મજબૂત થશે ત્યારે જ દેશ મજબૂત થશે . આયુષ્યમાન કાર્ડ , ૮૦ કરોડ જેટલા નાગરિકોને પાંચ કિલો નિઃશુલ્ક રાશન , પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી યોજનાઓનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમા ભારત સરકારની એનડીએ સરકાર દ્વારા પંડિત દીનદયાળજી ના એકાત્મ માનવવાદ અને અત્યોંદયના સિદ્ધાંતો ઉપર આધારિત આ યોજનાઓ બનાવી છે . હર ઘર સ્વદેશી , ઘર ઘર સ્વદેશીનો નારો ગૂંજતો થયો છે તેનો પણ સર્વ પ્રથમ ખ્યાલ પંડિત દિનદયાલ ઉપાધ્યાયદ્વાર આપવામાં આવ્યો હતો . અંતમાં તેમણે જણાવ્યું હતું કે પંડિત દિનદયાલ ઉપાધ્યાજીએ કાર્યકર્તાની વ્યાખ્યા કરતા કહ્યું હતું કે આપણો કાર્યકર્તા સમાજવાદી ના હોવો જોઈએ , સ્વમાં ના હોવો જોઈએ , સમગ્રમાં હોવો જોઈએ , રાષ્ટ્રવાદી હોવો જોઈએ , તેના દિલમાં હંમેશા ભારત માતાનો ખ્યાલ હોવો જોઈએ . સમગ્ર કાર્યક્રમ નું સંચાલન મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ દ્વારા કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ઓ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી શ્રી સંદીપભાઈ દેસાઈ શ્રી મનુભાઈ પટેલ તથા સંગઠન ના પદાધિકારી શ્રી ઓ નગર સેવક શ્રી ઓ વોર્ડ ના પ્રમુખ મહામંત્રી શ્રી ઓ તથા અપેક્ષિત શ્રેણી ના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં

# લાયન હાર્ટ ગ્રુપ દ્વારા લક્ષ્મીના વધામણા



કમલમ્,રાકેશ વાળા,

તાપી જિલ્લા માં વ્યારા માં ૫૦૦૦ થી વધુ કાર્યકર્તાઓ ધરાવતું લાયનહાર્ટ ગ્રુપ દ્વારા સતત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. જે સમાજ માટે પ્રેરણાદાયી ઉદાહરણરૂપ છે.વ્યારા પાલિકા ના વોર્ડ નંબર ૫માં દીકરીના જન્મને પ્રોત્સાહન આપવા માટે "લક્ષ્મી રૂપે દીકરી" અભિયાન અંતર્ગત, જેમના ઘરે દીકરીનો જન્મ થાય તેમને રૂપિયા ૫૦૦૦ રોકડ ભેટ આપવામાં આવે છે. આ સેવાકીય કાર્યના ભાગરૂપે તારીખ ૧૭/૧/૨૬ના રોજ વડ ફળિયામાં રહેતા સપનાબેન મહેશભાઈ ગામીતે સિવિલ હોસ્પિટલ વ્યારા ખાતે દીકરીને જન્મ આપતા, લાયનહાર્ટ ગ્રુપના અધ્યક્ષ રાજુભાઈ જાદવ અને તેમની ટીમે સપનાબેનના ઘરે જઈ તેમને ૫૦૦૦ રૂપિયાની ભેટ ના લક્ષ્મીજી ની મૂર્તિ આપી અભિનંદન પાઠવ્યા.રાજુભાઈ એ જણાવ્યું કે આ પહેલ દ્વારા દીકરીના જન્મ પ્રત્યે સમાજમાં સકારાત્મક વિચારધારા વિકસે છે. દીકરીઓ સમાજની શક્તિ છે, તેમનું સ્વાગત અને સન્માન કરવું દરેકની ફરજ છે. લાયનહાર્ટ ગ્રુપની આ કામગીરીથી અન્ય સંસ્થાઓ અને વ્યક્તિઓને પણ સમાજહિત માટે આગળ આવવાની પ્રેરણા મળે છે. ભવિષ્યમાં પણ ગ્રુપ દ્વારા આવી જ સેવાકીય પ્રવૃત્તિઓ સતત ચાલુ રહેશે, જે સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

# વડોદરામાં 'પ્રશસ્ત ૨.૦' સ્ક્રીનીંગ એપ અંતર્ગત જિલ્લાના પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોની તાલીમ અને ગુણવત્તા અભિવૃદ્ધિ બેઠક યોજાઈ

**શિક્ષણમાં અભ્યાસની સાથે સંસ્કાર અને કર્તવ્યનિષ્ઠા અનિવાર્ય: પૂર્વ પ્રાથમિક શિક્ષણ નિયામક ડો. એમ. આઈ. જોષી**



**શાળાના વાતાવરણને જીવંત બનાવી બાળકોના સર્વાંગી વિકાસ માટે પરિણામલક્ષી કાર્ય કરવા શિક્ષકોને આહવાન કરતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મહેશ પાંડે**

કમલમ્,વડોદરા

સમગ્ર શિક્ષા અભિયાન – વડોદરા દ્વારા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકો માટે 'પ્રશસ્ત ૨.૦' સ્ક્રીનીંગ એપની તાલીમ તેમજ શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ બેઠક વિષય પર એક મહત્વપૂર્ણ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહેલા પૂર્વ પ્રાથમિક શિક્ષણ નિયામક ડો. એમ. આઈ. જોષીએ પોતાના પ્રેરક ઉદ્દબોધનમાં જણાવ્યું હતુ કે, શિક્ષણની ગુણવત્તા માત્ર પુસ્તકના જ્ઞાન પૂરતી સીમિત નથી, પરંતુ અભ્યાસની સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કારનું સિંચન પણ એટલું જ અનિવાર્ય છે. તેમણે ઉપસ્થિત આચાર્યો અને શિક્ષકોને પોતાની કાર્યશૈલીનું આત્મનિરીક્ષણ કરવાની મીઠી ટકોર કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ એ અહમનો વ્યવસાય નથી. આ ક્ષેત્રમાં મતભેદ કે મનભેદને કોઈ સ્થાન હોતું નથી. ડો. જોષીએ પોતાના શિક્ષક તરીકેના અનુભવો કહી સમગ્ર સેવાકાળ દરમિયાનના વાસ્તવિક અનુભવો વર્ણવીને વડોદરા જિલ્લાની શૈક્ષણિક ગુણવત્તાને માત્ર ફરજ ન ગણતા, કર્તવ્યભાવથી આગળ વધારવા આહવાન કર્યું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી મહેશ પાંડેએ આજના કાર્યક્રમના મુખ્ય હેતુને સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, બદલાતા શૈક્ષણિક પરિવેશમાં મુખ્ય શિક્ષકોએ માત્ર વહીવટી વડા તરીકે જ નહીં, પરંતુ એક કુશળ મેન્ટર તરીકેની ભૂમિકા નિભાવવી પડશે. તેમણે શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે વર્ગખંડ પ્રક્રિયામાં નવીનતા લાવવા, નબળા વિદ્યાર્થીઓ માટે રિમેડિયલ ટીચિંગ (ઉપચારાત્મક શિક્ષણ) પર ભાર મૂકવા અને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સાધનોનો મહત્તમ ઉપયોગ કરવા જેવા વ્યાવહારિક ઉપાયો સૂચવ્યા હતા. વધુમાં, તેમણે શાળાના વાતાવરણને જીવંત બનાવી બાળકોના સર્વાંગી વિકાસ માટે આયોજનબદ્ધ માર્ગદર્શન પૂરું પાડી સૌને પરિણામલક્ષી કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસરે આંગણવાડી અને બાળ પોષણના વિષયને સાંકળીને પાયાના શિક્ષણ અને સ્વાસ્થ્ય અંગે વાત કરી હતી. તો, જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ કલ્યાણ) શ્રીમતી મીતા જોષીએ સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ સમયસર અને સરળતાથી મળી રહે તે માટે સતત તકેદારી રાખવા અનુરોધ કર્યો હતો. પંડિત દિનદયાળ ઉપાધ્યાય નગરગૃહ ખાતે આયોજીત આ કાર્યક્રમમાં જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓ ઉપરાંત વડોદરા નગર પ્રાથમિક શિક્ષણસમિતિના શાસનાધિકારી ડો. વિપુલભાઈ ભરતીયા, શૈક્ષિક સંઘોના હોદ્દેદારો, શિક્ષણ નિરીક્ષકશ્રીઓ સહિતનો જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીની કચેરીનો સ્ટાફ તેમજ બી.આર.સી. અને સી.આર.સી કો-ઓર્ડિનેટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત જિલ્લા ભાજપા દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાતજી ની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો.



કમલમ્,બારડોલી.

સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાતજી ની પુણ્યતિથિ નિમિત્તે ગુજરાતપ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી અંજુબેન વેકરીયા,તથા સુરત જીલ્લા ભાજપા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ, મહામંત્રીશ્રીઓ જગદીશભાઈ પારેખ, રોહિતભાઈ પટેલ, અંકુરભાઈ દેસાઈ, ની વિશેષ ઉપસ્થિતિમાં પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો . શ્રી કમલમ સુરત જીલ્લા ભાજપા મધ્યસ્થ કાર્યાલય ખાતે પંડિત દિનદયાળ ઉપાધ્યાતજી ની પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો .જેમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીનામહિલા મોરચાના પ્રમુખ શ્રીમતી અંજુબેન વેકરીયા, ગુજરાત પ્રદેશ એસ.સી મોરચાના મંત્રી રિદ્ધિબેન પટેલ, સુરત જીલ્લા ભાજપા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ, મહામંત્રીશ્રીઓ જગદીશભાઈ પારેખ, રોહિતભાઈ પટેલ, અંકુરભાઈ દેસાઈ, જીલ્લા સંગઠનના હોદેદારોશ્રીઓ, જીલ્લા મહિલા મોરચાના પ્રમુખ અવનીબેન નાયક, જીલ્લા મોરચાનાપ્રમુખમહામંત્રીશ્રીઓ, તમામ મંડળના પ્રમુખ/ મહામંત્રીશ્રીઓ,જીલ્લા પંચાયત/ તા.પંચાયત તથા નગરપાલિકા પ્રમુખ/ઉપપ્રમુખ/કા.અધ્યક્ષ/ પક્ષના નેતા/દંડક મીડિયા કન્વીનર તેજસ વશી, સોશિયલ મીડિયા વિજય સોલંકી, આઈટી વિભાગ પલક નાયક, તેમજ સૌ કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે અંજુબેન વેકરિયા ,તથા મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કરી પંડિત દીનદયાળ ઉપાધ્યાય જી નું જીવન ચરિત્ર અને પાર્ટીમાં યોગદાન વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

# કર્ટેઈન રેઈઝર કવાયત વાયુશક્તિ ૨૦૨૬



કમલમ્, ભારતીય વાયુસેના (IAF) 27 ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ જેસલમેરના પોખરણ એર ટુ ગ્રાઉન્ડ રેન્જખાતે વાયુશક્તિ-૨૬ કવાયત દ્વારા પોતાની પરાક્રમનું પ્રદર્શન કરશે. પ્રથમ, સૌથી ઝડપી અને સૌથી ઉગ્ર પ્રતિભાવ આપનાર તરીકે, ભારતીય વાયુસેના દુશ્મનને ઝડપથી સજા કરવાની, શરૂઆતથી જ ઓપરેશનલ વાતાવરણ પર પ્રભુત્વ મેળવવાની અને વ્યૂહાત્મક ક્રિયાઓને વ્યૂહાત્મક પરિણામોમાં રૂપાંતરિત કરીને કામગીરીના માર્ગને નિર્ણાયક રીતે પ્રભાવિત કરવાની તેની ક્ષમતા પર ભાર મૂકશે. આ કવાયતમાં દેશની અંદર તેમજ વિદેશમાં સંઘર્ષ વિસ્તારોમાંથી ઝડપી એરલિફ્ટ અને બચાવ તથા સ્થળાંતર પ્રદાન કરીને IAF માનવતાવાદી સહાય અને આપત્તિ વ્યવસ્થાપનમાં કેવી રીતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તેની ઝલક પણ દર્શાવવામાં આવશે. તેજસ, રાફેલ, જગુઆર, મિરાજ-૨૦૦૦, સુખોઈ-30MKI, MiG-29, હોક, C-130J, C-295, C-17, ચેતક, ALH MK-IV, Mi-17 IV, LCH, અપાચે, ચિનૂક અને રિમોટલી પાયલોટેડ એરક્રાફ્ટ (RPA) સહિત ફાઈટર, ટ્રાન્સપોર્ટ અને હેલિકોપ્ટર પ્લેટફોર્મ દ્વારા સંપૂર્ણ સ્પેક્ટ્રમ કામગીરી હાથ ધરવામાં આવશે. આ કવાયતમાં શોર્ટરેન્જ લોઈટરિંગ મ્યુનિશન (SRLM), આકાશ, સ્પાયડર અને કાઉન્ટર અનમેન્ડ એરિયલ સિસ્ટમ્સ (CUAS) જેવી અદ્યતન શસ્ત્ર પ્રણાલીઓ પણ શામેલ હશે, જે દિવસ, સાંજ અને રાત્રિ મિશન હાથ ધરશે. વાયુશક્તિ-૨૬ ઓપરેશન સિંદૂરની સફળતાને પણપ્રકાશિત કરશે, જે એરસ્પેસ પ્રભુત્વ, લાંબા અંતરની ચોકસાઈ લક્ષ્યીકરણ, મલ્ટી-ડોમેન કામગીરીમાં IAF ની પ્રાધાન્યતાને પુનઃપુષ્ટ કરશે અને 'આત્મનિર્ભર ભારત' ના વિઝન દ્વારા સંચાલિત સ્વદેશી પ્લેટફોર્મ સાથે નિર્ણાયક અસરો પહોંચાડવાની તેની ક્ષમતાને પુનઃપુષ્ટ કરશે. "અચૂક, અભેદ્ય ઔરસટિક" ના મુખ્ય મૂલ્યો દ્વારા સંચાલિત, આ કવાયતનો ઉદ્દેશ્ય ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સ્થાપત્યના મુખ્ય ઘટક તરીકે IAF ની ભૂમિકાને પુનઃપુષ્ટિ કરીને રાષ્ટ્રને આશ્વાસન આપવાનો છે.

# ભારત - સ્વિસ બ્લોકચેન ફોરમ ૨૦૨૬, ગિફ્ટ સિટી ખાતે વ્યૂહાત્મક જોડાણ સાથે સમાપ્ત



કમલમ્, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) અને NSE IX અને ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA) દ્વારા આયોજિત ઈન્ડો - સ્વિસ બ્લોકચેન ફોરમ ૨૦૨૬, ભારતના અગ્રણી આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓ કેન્દ્ર, GIFT સિટી IFSC ખાતે ઉચ્ચ-સ્તરીય હિસ્સેદારોની વાતચીત સાથે તેના અંતિમ દિવસનું સમાપન થયું. ત્રણ દિવસ દરમિયાન, આ કાર્યક્રમમાં બ્લોકચેન ફંડામેન્ટલ્સ, DeFi નવીનતાઓ, ક્રિપ્ટો ફોરેન્સિક્સ, AML પાલન અને ક્રોસ-બોર્ડર નાણાકીય જોખમો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. આ ચર્ચાઓ IFSCA, SEBI, NSE IX, RBI અને યુનિવર્સિટી ઓફ ઝુરિચ સહિત મુખ્ય સરકારી અને નિયમનકારી સંસ્થાઓના નિષ્ણાતો દ્વારા સમૃદ્ધ બનાવવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય નોંધપાત્ર જોડાણને પ્રોત્સાહન આપવા અને કાર્યક્ષમ આંતરદૃષ્ટિ ઉત્પન્ન કરવાનો હતો. અંતિમ દિવસ હિસ્સેદારોની વાતચીત સાથે સમાપ્ત થયો, જેમાં સમૃદ્ધ અને વિચાર-પ્રેરક સત્ર માટે પ્રખ્યાત નિષ્ણાતોને એકસાથે લાવવામાં આવ્યા. આ સત્રમાં ભારત અને સ્વિટ્ઝર્લેન્ડના નિષ્ણાતો, નિયમનકારી સંસ્થાઓ, શિક્ષણવિદો અને કાયદા અમલીકરણ એજન્સીઓના પ્રતિનિધિઓ સામેલ થયા હતા, જેમાં અર્થપૂર્ણ સંવાદ અને આંતર-ક્ષેત્રીય દ્રષ્ટિકોણના આદાન-પ્રદાનને પ્રોત્સાહનઆપવામાં આવ્યુંહતું. સત્રની શરૂઆત શ્રી પ્રવીણ કામત, CISO, IFSCA દ્વારા પરિચયાત્મક ભાષણથી થઈ હતી, જેમણે બ્લોકચેન ટેકનોલોજીના વધતા મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો અને સમયની જરૂરિયાત તરીકે તેની સુસંગતતા પર ભાર મૂક્યો હતો. આ પછી એસેટ ટોકનાઈઝેશન પ્લેટફોર્મ, ટેરેઝાઓના શ્રી શાન ઝવેરી દ્વારા એક સત્ર યોજાયું હતું, જેમણે પ્લેટફોર્મની કામગીરી સમજાવી હતી અને IFSCA તરફથી મળેલા સમર્થન અને સુવિધા પર આંતરદૃષ્ટિ શેર કરી હતી. આ પછી શ્રી જોસેફ જોશી, CTO અને CGM, IFSCA દ્વારા મુખ્ય ભાષણ આપવામાં આવ્યું હતું, જેમણે IFSC ફ્રેમવર્કમાં બ્લોકચેન ટેકનોલોજીના ઉપયોગ પર વિગતવાર ચર્ચા કરી હતી અને તેના વિકસતા પરિમાણો, ખાસ કરીને ક્વોન્ટમ બ્લોકચેન અને AI-સંચાલિત બ્લોકચેન સોલ્યુશન્સના ઉદભવ પર પ્રકાશ પાડ્યો હતો, જે ભવિષ્યના નિયમનકારી અને નાણાકીય ઈકોસિસ્ટમને ફરીથી આકાર આપવાની તેમની ક્ષમતા પર ભાર મૂકે છે. પ્રો. ડૉ. ક્લાઉડિયો જે. ટેસોન, પ્રો. ડૉ. ક્લાઉડિયો જે. ટેસોન, પ્રો., યુનિવર્સિટી ઓફ ઝ્યુરિચ (UoZ) શ્રી બેન્જામિન કેનર, રિસર્ચ એસોસિયેટ, UoZ Ms. અલ-અમરી ઈમાન સઈદ, ડોક્ટરલ રિસર્ચ સ્કોલર, UoZ, GM, GM, GM, શ્રીમતી, શ્રીમતી, શ્રીમતી, શ્રીમતી, આર.એમ. IFSCA ની સક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારત માટે એક મજબૂત બ્લોકચેન ઈકોસિસ્ટમ, જે શ્રેષ્ઠ પ્રથાઓ, નિયમનકારી દ્રષ્ટિકોણ અને હિસ્સેદારો વચ્ચે સહયોગી આંતરદૃષ્ટિના આદાનપ્રદાન દ્વારા ચિહ્નિત થયેલ છે. આ ઉપરાંત, શ્રી હિતેશ સોની, NSE IX દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી જ્યાં તેમણે બધા સહભાગીઓને અભિનંદન આપ્યા હતા અને ત્રણ દિવસ માટે સમૃદ્ધ સંવાદ વિતરણ, સમજદાર ચર્ચા-વિચારણા અને વિચારોના અર્થપૂર્ણ આદાનપ્રદાન માટે નિષ્ણાતોનો આભાર માન્યો હતો.

# મોરબી ખાતે યોજાયેલ રાજ્યકક્ષાએ બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં લિંગા પ્રાથમિક શાળા લોકનૃત્ય સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતાં




કમલમ્,આહવા

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશ્નરની યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત રાજ્ય કક્ષા બાળ પ્રતિભા શોધ ૨૦૨૫-૨૬નું આયોજન મોરબી ખાતે વેદાંત ગ્લોબલ સ્કૂલમાં કરવામાં આવ્યું હતું. આ રાજ્ય કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાંથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મોરબી ખાતે યોજાયેલી લોકનૃત્ય સ્પર્ધામાં ડાંગ જિલ્લાના લિંગા પ્રાથમિક શાળા પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગામ તેમજ ડાંગ જિલ્લાનું નામ રાજ્ય સ્તરે ઉજાગર કર્યું છે. રાજ્ય કક્ષાની આ સ્પર્ધામાં લિંગા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે આવતાં જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી તેમજ ડાંગ જિલ્લા શિક્ષણ પરિવારે તેમને અભિનંદન પાઠવ્યાં હતાં.

# પશુ વિજ્ઞાાન કેન્દ્ર, વઘઈ દ્વારા 'આધુનિક પશુપાલન સાથે મૂલ્યવર્ધન અને ઉદ્યમશીલતા' વિષયક ત્રિદિવસીય આવાસીય તાલીમ કાર્યક્રમનો સફળ પ્રારંભ

કમલમ્,આહવા

પશુ વિજ્ઞાન કેન્દ્ર (પીવીકે), વઘઈ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, નવસારી દ્વારા "આધુનિક પશુપાલન સાથે મૂલ્યવર્ધન અને ઉદ્યમશીલતા" વિષય અંતર્ગત ત્રિદિવસીય આવાસીય તાલીમ કાર્યક્રમ તારીખ ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી ખાતે સફળતાપૂર્વક શરૂ કરવામાં આવ્યો છે. કાર્યક્રમમાં અધ્યક્ષાસ્થાને ડૉ. વી. એસ. ડબાસ (ઈ/ચા.આચાયશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, નવસારી) અને મુખ્ય અતિથિ તરીકે ડૉ. કે. એચ. વાઢેર (ઈ/ચા.આચાયશ્રી, મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, નવસારી) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ડૉ. એમ. એમ. ઈસ્લામ (ઈ/ચા.વડા, પીવીકે, વઘઈ) દ્વારા સ્વાગત ભાષણથી કરવામાં આવી, જેમાં તેમણે તાલીમ કાર્યક્રમના ઉદ્દેશો, ઉપયોગિતા તથા પશુપાલકો માટે તેની મહત્વતા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ડૉ. કે. એચ. વાઢેરે પોતાના સંબોધનમાં પશુપાલનમાં નવી ટેક્નોલોજી અને ઉદ્યોગમુખી દૃષ્ટિકોણ અપનાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. ડૉ. વી. એસ. ડબાસે પોતાના અધ્યક્ષીય ભાષણમાં આધુનિક અને વૈજ્ઞાનિક પશુપાલન સાથે મૂલ્યવર્ધન તથા ઉદ્યમશીલતાના અવસરો પર પ્રકાશ પાડી પશુપાલકોને આત્મનિર્ભર બનવા પ્રોત્સાહિત કર્યા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા, તાલીમ માટે તૈયાર કરાયેલ વ્યાખ્યાન નોંધ (ટ્રેનિંગ મેન્યુઅલ) તેમજ બકરાપાલન વિષયક પુસ્તક "બકરાપાલન – એક સપૂર્ણ માર્ગદર્શિકા" નું વિમોચન કરવામાં આવ્યું, જે તાલીમાર્થીઓ અને પશુપાલકો માટે માર્ગદર્શક સાહિત્યરૂપે ઉપયોગી સાબિત થશે. આ તાલીમ કાર્યક્રમના સહ-આયોજક તરીકે ડૉ. ઉત્સવભાઈ એસ. સુરતી તથા ડૉ. એમ. પી. માઢવાતર (મદદનીશ પ્રાધ્યાપક, પીવીકે, વઘઈ) દ્વારા તાલીમની રૂપરેખા અને વિવિધ સત્રોની માહિતી આપવામાં આવી. કાર્યક્રમનું સંયોજન ડૉ. સુનિલભાઈ બી. કાપડી (પશુચિકિત્સા અધિકારી, પીવીકે, વઘઈ) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ ડૉ. ઉત્સવભાઈ સુરતી અને ડૉ. એમ. પી. માઢવાતર દ્વારા, ડૉ. એમ. એમ. ઈસ્લામ ના નેતૃત્વમાં અને ડૉ. વી. એસ. ડબાસ, ડૉ. જે. એસ. પટેલ (વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર) તેમજ ડૉ. પી. એચ. ટાંક (માનનીય કુલપતિશ્રી, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર) ના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.



સહકારને સ્માર્ટ બનાવતી નવિન ક્રાંતિનો પ્રારંભ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા ડેરી ક્ષેત્રને નવી દિશા આપતા અમૂલ એ.આઈ.નું લોકાર્પણ કર્યું

## ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી – કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને મંત્રીશ્રીઓની વિશેષ ઉપસ્થિતિ





## કૃષિ-પશુપાલન અને ડેરી ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાનો માઈલસ્ટોન અમૂલ એ.આઈ.નું લોંન્ચીંગ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં બનશેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા ડેરી ક્ષેત્રને નવી દિશા આપતા અમૂલ એ.આઈ.નું લોકાર્પણ કરતાં સ્પષ્ટ પણે જણાવ્યું કે, આ અમૂલ એ.આઈ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કૃષિ, પશુપાલન અને ડેરી ક્ષેત્રને આધુનિક અને આત્મનિર્ભર બનાવવાનો માઈલ સ્ટોન બનશે. રાજયના ૧૮,૫૦૦થી વધુ ગામડાઓમાં ૩૬ લાખ દૂધ ઉત્પાદકોની સહકારી સંસ્થા અને વિશ્વની અગ્રણી સહકારી સંસ્થાની તથા ડેરી બ્રાન્ડની ખ્યાતિ પ્રાપ્ત અમૂલ દ્વારા ખેડૂતથી ટેક્નોલોજી સુધી સહકારને સ્માર્ટ બનાવતી નવિન અમૂલ એ.આઈ. ક્રાંતિનો પ્રારંભ અવસર આણંદમાં યોજવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ અન્ન નાગરિક પૂરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, રાજય મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને ગુજરાત સ્ટેટ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના અધ્યક્ષ અનેપદાધિકારીઓનીઉપસ્થિતિમાં અમૂલ એ.આઈ.નું લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં પાછલા ૧૧ વર્ષમાં દેશની આર્થિકવિકાસયાત્રા તેજ ગતિએ આગળ વધી છે તેમાં ટેકનોલોજીનો મહત્વનો ફાળો છે. આ સંદર્ભમાં તેમણે ડિજિટલ પેમેન્ટ ટ્રાન્ઝેક્શનની સફળતાનું ઉદાહરણ આપતા ઉમેર્યું કે, જ્યારે વડાપ્રધાનશ્રીએ ડિજિટલ ટ્રાન્ઝેક્શનની દેશમાં શરૂઆત કરાવી ત્યારે સૌને સવાલ હતો કે આ કેવી રીતે સફળ થશે? આજે ભારત યુ.પી.આઈ. ટ્રાન્ઝેક્શનમાં અગ્રેસર બની ગયું છે અને નાનામાં નાનો વેપારી, શાકભાજીની લારી, ચાની કીટલી સુધીના નાના લોકો પણ ડીજીટલ ટ્રાન્જેક્શનનો ઉપયોગ કરતા થઈ ગયા છે. તે તેની આગવી સફળતા છે. વડાપ્રધાનશ્રીએ ૨૧મી સદીના અદ્યતન ટેકનોલોજી યુગમાં એ.આઈ. આધારિત વિકાસ માટે અનેક પહેલો હાથ ધરી છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, સરકાર, સહકાર અને ટેકનોલોજીની ત્રિવેણીથી આધુનિક વિકાસની ગતિ અનેક ગણી વધી ગઈ છે તેને હવે એ.આઈ. વધુ સંગીન બનાવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ હંમેશા નાના માણસો, ગ્રામીણ ખેડૂતો, પશુપાલકોનું હિત વિચારીને તેમને વિકાસની મુખ્ય ધારામાં લાવવાનો જ ધ્યેય રાખ્યો છે. તેમના નેતૃત્વમાં ત્રણ કર્તવ્ય પર આધારિત આ વર્ષના કેન્દ્રીય બજેટમાં પણ દૂધ ઉત્પાદકોના હિતને કેન્દ્રમાં રાખીને અનેક મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે. એટલું જ નહીં, ડેરી ઈકો સિસ્ટમને મજબૂત કરવા ૨૦ હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે વિશેષ ફંડની પણ કેન્દ્રીય બજેટમાં જોગવાઈ કરી છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, અમૂલે પોતાના સભાસદો, દૂધ ઉત્પાદકોને વધુ આવક મળે તેવી નવિનતમ ટેકનોલોજીનો ઉપયોગ ડિજિટલ ક્રાંતિથી કર્યો છે. પોતાની સુવિકસિત આગવી આઈ.ટી. સિસ્ટમમાં પશુપાલકો, દૂધ ઉત્પાદકો, સભાસદોનો જે ડેટાબેઝ છે તેને ઈન્ટીગ્રેટ કરીને હવે અમૂલ એ.આઈ.થી એડવાન્ટેજ ઈન્ડિયા માટે સજ્જ થયું છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી તાજેતરમાં અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે થયેલી ટ્રેડ ડિલ ડેરી ક્ષેત્ર માટે લાભદાયી થશે તેનો પણ મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. તેમણે આ અંગેની વિસ્તૃત ભૂમિકા આપતા કહ્યું કે, આ ડીલમાં ડેરી પ્રોડક્ટ્સની ઈમ્પોર્ટને બાકાત રાખવાના તેમના આગવા નિર્ણયથી દેશમાં દૂધ ઉત્પાદન પર નિર્ભર ૧૦ કરોડથી વધુ નાના અને સીમાંત ખેડૂતોનો જીવન નિર્વાહ સુરક્ષિત રહેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એવો વિશ્વાસ દર્શાવ્યો કે, આ આવકારદાયક ટ્રેડ ડિલના પરિણામે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં દેશનું ડેરી સેક્ટર દૂધ ઉત્પાદન વધારીને વિશ્વની ડેરી બનવાની દિશામાં ઝડપથી આગળ વધશે. તેમણે વિકસિત ભારત ૨૦૪૭ માટે સ્વદેશી અને આત્મનિર્ભર ટેકનોલોજીથી ગ્લોબલ સોલ્યુશન આપવા માટેની દિશામાં અમૂલ એ.આઈ.ને મક્કમ પગલું ગણાવ્યું હતું. નવી ટેકનોલોજી અને ઈનોવેશન આવનારા સમયમાં ઈકોનોમીના ડ્રાઈવિંગ ફોર્સ બનશે તેમાં ગ્રામ્ય, કૃષિ, પશુપાલન અને દૂધ ઉત્પાદન સાથે સહકાર ક્ષેત્ર લીડ લેશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, આણંદની ભૂમિ શ્વેતક્રાંતિના પ્રણેતા ત્રિભુવનદાસ પટેલની જન્મભૂમિ અને કર્મભૂમિ રહી છે, તેમજ ડો. કુરિયનની પણ કર્મભૂમિ રહી છે. આજે હજારો પશુપાલકોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે તે આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે. અમૂલ દ્વારા લોન્ચ કરવામાં આવેલી નવી 'સરલા' (Sarala) એપને એક મોટી ક્રાંતિ ગણાવતા તેમણે કહ્યું હતુ કે, અમૂલે વિશ્વમાં પ્રથમવાર દૂધના ફેટ, SNF અને દૈનિક હિસાબ મોબાઈલ એપ પર આપવાની વ્યવસ્થા કરી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં શ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસિત દેશો દ્વારા ભારતમાં દૂધ અને ડેરી પ્રોડક્ટ્સ ઘુસાડવા માટે ભારે દબાણ કરવામાં આવતું હતું. જો બહારનું દૂધ ભારતમાં આવત તો દેશના કરોડો પશુપાલકોને અસર થાત. પરંતુ, વડાપ્રધાનશ્રીએ આંતરરાષ્ટ્રીય રાજનીતિ સામે 'ચટ્ટાન' બનીને ઊભા રહીને ભારતીય પશુપાલકોના હિતનું રક્ષણ કર્યું છે અને દૂધને મુક્ત વ્યાપારના કરારો (Trade Agreements) માંથી બહાર રાખ્યું છે. આ પ્રસંગે કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ આ ઘટનાને એક 'ઐતિહાસિક ક્ષણ' ગણાવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પશુપાલન અને ડેરી ક્ષેત્ર માટે જે વિશેષ પ્રયાસો કર્યા છે, તેને પરિણામે જ આજે ગુજરાત આ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે અમૂલની આ AI એપ્લિકેશન વિશ્વની સૌથી મોટી એપ્લિકેશન બનવા જઈ રહી છે, જે ડિજિટલ યુગમાં ગુજરાતની એક અનેરી સિદ્ધિ છે. જે રીતે લોકોએ યુપીઆઈ (UPI) અને સ્માર્ટફોન અપનાવ્યા છે, તેવી જ રીતે આ છૈં ટેકનોલોજી પણ પશુપાલકોના જીવનનો ભાગ બની જશે. સહકાર ક્ષેત્ર વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, પશુપાલન એ માત્ર વ્યવસાય નથી પરંતુ ગ્રામીણ સમૃદ્ધિનો આધારસ્તંભ છે. વડાપ્રધાનશ્રીએ અલગ 'સહકારિતા મંત્રાલય' બનાવીને અને તેનો કાર્યભાર શ્રી અમિતભાઈ શાહને સોંપીને આ ક્ષેત્રમાં મોટા સુધારા કર્યા છે. તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો કે, આજે ૯૪% જેટલી રકમ સીધી જ પશુપાલક બહેનોના બેંક ખાતામાં જમા થાય છે, જે આર્થિક સમૃદ્ધિનું ઉત્તમ ઉદાહરણ છે. કાર્યક્રમના પ્રારંભમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રીમોટ દ્વારા 'અમૂલ એઆઈ' (Amul AI) ડિજિટલ પ્લેટફોર્મનું લોકાર્પણ કર્યું હતુ. ત્યારબાદ ઉપસ્થિત સર્વેએ અમુલ છૈં ની ટુંકી ફિલ્મ નિહાળી હતી. અમુલ ખાતે મુખ્યમંત્રીશ્રીનું આગમન થતા અમૂલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં અમૂલના ચેરમેનશ્રીએ સૌનું સ્વાગત કરી અમુલ છૈં વિશે જાણકારી આપી હતી. આ તકે અમૂલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયન મહેતાએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતુ. અમુલ છૈં એપ બનાવનાર ડૉ. શંકરે એપ વિશે વિસ્તૃતમાં વાત કરી હતી. કાર્યક્રમના અંતે અમૂલના વાઈસ ચેરમેન શ્રી ગોરધનભાઈ ધામેલીયાએ સૌના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી, નાણા રાજ્ય મંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, રાજ્યના મુખ્ય સચિવ શ્રી એમ કે દાસ, અગ્ર સચિવ શ્રી અરુણકુમાર સોલંકી, ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના હોદ્દેદારો, અમુલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ધારાસભ્ય સવશ્રી યોગેશભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, અગ્રણી શ્રી સંજયભાઈ પટેલ સહિત પશુપાલક મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રીશ્રી

- સરકાર-સહકાર અને ટેક્નોલોજીની ત્રિવેણીથી આધુનિક વિકાસની ગતિ અનેક ગણી વધી છે.
- ત્રણ કર્તવ્યો પર આધારિત આ વર્ષના કેન્દ્રીય બજેટમાં દૂધ ઉત્પાદકોના હિતોને કેન્દ્રમાં રાખીને અનેક મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે.
- ડેરી ઈકો સિસ્ટમનેસંગીન કરવા ૨૦ હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે કેન્દ્રીય બજેટમાં વિશેષ ફંડની જોગવાઈ
- વૈશ્વિક ટ્રેડ ડિલથી દેશના ડેરી સેક્ટરને લાભ – ભારત વિશ્વની ડેરી બનવાની દિશામાં ઝડપભેર આગળ વધશે.

## મેયરશ્રી મીરાબેન પટેલે બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર, રાયસણ દ્વારા આયોજિત મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપી




કમલમ્,

ભગવાન શ્રી સ્વામિનારાયણના આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રેરણાથી બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર - રાયસણ ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના દ્વિતીય દિવસ - મહિલા દિને મેયરશ્રી મીરાબેન પટેલે હાજરી આપી હતી. આ અવસરે મેયર શ્રી એ જણાવ્યું હતું કે મંદિર માત્ર આસ્થા અને ભક્તિનું કેન્દ્ર નથી, પરંતુ સમાજમાં સંસ્કાર, સેવા અને સદાચારના મૂલ્યોને મજબૂત બનાવવાનું પવિત્ર સ્થાન છે. મેયરશ્રી એ વધુમાં જણાવ્યું હતું કે બીએપીએસ સંસ્થા વર્ષોથી સમાજ સેવા, શિક્ષણ, આધ્યાત્મિકતા અને માનવતાના કાર્ય દ્વારા વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિનો મહિમા વધારી રહી છે. આ નવા મંદિર દ્વારા રાયસણ વિસ્તરણ અને ગાંધીનગરના નગરજનોને આધ્યાત્મિક શાંતિ, સાંસ્કૃતિક સંસ્કાર, અને સામાજિક એકતા માટે એક ઉત્તમ સ્થાન પ્રાપ્ત થશે.

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે ગુજરાત અને હરિયાણા વિધાનસભાના અધ્યક્ષશ્રી તેમજ મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષશ્રીની શુભેચ્છા મુલાકાત



કમલમ્,

ગુજરાત લોકભવન ખાતે આજે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી સાથે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચોધરી, હરિયાણા વિધાનસભાના અધ્યક્ષશ્રી હરવિંદર કલ્યાણ તેમજ મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષશ્રી રામ શિંદેએ શુભેચ્છા મુલાકાત યોજી. રાજ્યપાલશ્રીએ તમામ અધ્યક્ષશ્રીઓનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યુ હતું. આ મુલાકાત દરમ્યાન ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચોધરીએ જણાવ્યું હતું કે બદલાતા સમય સાથે ગુજરાત વિધાનસભાની કામગીરી પણ નવીનત્તમ ટેક્નોલોજી સાથે આધુનિક બની રહી છે. પ્રજાના પ્રશ્નોની ઝડપથી ચર્ચા થઈ શકે તેવી ટેકનોલોજી વિકસાવવામાં આવી છે. હરિયાણા વિધાનસભાના અધ્યક્ષ તેમજ મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષશ્રીએ પોતાના કાર્યકાળ દરમ્યાન કરવામાં આવેલા પ્રજાલક્ષી બદલાવ અંગે માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રેરિત રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનને જન જન સુધી પહોંચાડવાના પ્રયાસોને વધુને વધુ પ્રોત્સાહન આપવા પર ભાર મુક્યો હતો. તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતીથી ભવિષ્યની પેઢીને શુદ્ધ અને સાત્વિક આહાર મળશે તેમજ જળ, જમીન અને પર્યાવરણનું સંરક્ષણ પણ થશે. આ ઉપરાંત તેમણે ગ્રામ કલ્યાણ કાર્યક્રમ જેવા મુદ્દાઓ પર પણ પ્રાથમિક ચર્ચા કરી હતી.

## ૨૫મા ભારત રંગ મહોત્સવના સુરતનું સમાપન 'સીતાનો વેશ' સાથે થયું, જેમાં ગુજરાતી રંગભૂમિની ઝલક રજૂ કરાઈ



કમલમ્,

નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (NSD) દ્વારા આયોજિત વિશ્વના સૌથી મોટા આંતરરાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ, પ્રતિષ્ઠિત ૨૫મા ભારત રંગ મહોત્સવ (BRM)નું સમાપન 'સીતાનો વેશ' ના શાનદાર નાટક સાથે થયું. આ ભવ્ય ગુજરાતી નિર્માણે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ અને ભાવુક કરી દીધા. આ નાટક એક મહાન શાસ્ત્રીય વાર્તાનું એક નવું સ્વરૂપ હતું, જેમાં આધુનિક નાટ્યસ્વરૂપોને ઊંડા ગુજરાતી સાંસ્કૃતિક પ્રભાવો સાથે મિશ્રિત કરવામાં આવ્યા હતા. BRM 2026ના ગુજરાતને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર, જીવનભારતી મંડળ, સુરત અને સુરત પર્ફોર્મિંગ આર્ટિસ્ટ્સ એસોસિએશન તરફથી સહયોગ મળ્યો છે. સમારંભનું ઉદ્ઘાટન મુખ્ય મહેમાન પ્રોફેસર મહેશ ચંપકલાલ, સંગીત નાટક અકાદમી (SNA) પુરસ્કાર વિજેતા દ્વારા કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિ પ્રોફેસર કિશોરસિંહ ચાવડા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન જીવનભારતી મંડળ સુરતના પ્રમુખ શ્રી ભરતભાઈ શાહ દ્વારા આપવામાં આવ્યું હતું. પ્રખ્યાત નાટ્ય વ્યક્તિત્વ અને સુરત BRMના સંયોજક ડૉ. ચૌહાણ પ્રમોદ આર. એ આભારવિધિ કરી હતી. અંતિમ પ્રદર્શન, "સીતાનો વેશ", જે ઉત્તરરામચરિત દ્વારા પ્રેરિત હતું, તે ડૉ. ચૌહાણ પ્રમોદ આર. ના દિગ્દર્શન અને લેખિત "મહાકવિ ભવભૂતિ" હેઠળ રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ, થિયેટર આર્ટ વિભાગ દ્વારા પ્રસ્તુત, આ નિર્માણમાં શાસ્ત્રીય નાટ્યતા, ભાવનાત્મક તીવ્રતા અને શુદ્ધ રંગમંચનું આકર્ષક મિશ્રણ રજૂ કરવામાં આવ્યું હતું. ભારતીય સાહિત્યના સૌથી પ્રતિષ્ઠિત પાત્રોમાંના એક સીતાના પાત્રની શક્તિ અને નબળાઈઓ બંનેને પ્રદર્શિત કરતી સીતાના પાત્રની સૂક્ષ્મ એક્ટિંગ અને લેયર્ડ સ્ટોરીટેલિંગથી પ્રેક્ષકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. કલાકારોના શાનદાર અભિનય, વિચારશીલ દિગ્દર્શન અને સંપૂર્ણ ગતિશીલ કથાએ સાંજને ઊંડા ભાવનાત્મક કલાત્મક અનુભવમાં પરિવર્તિત કરી દીધી. સમગ્ર સ્થળે તાળીઓના ગડગડાટ સાથે, ઉત્સવનો અંત જોરદાર રીતે થયો. સીતાનો વેશ ફક્ત અંતિમ અભિનય નહોતો, પરંતુ આ વર્ષના કાર્યક્રમનો એક સિગ્નેચર ભાગ હતો, જે ગ્રેસ, ડેપ્થ અને થિયેટરની ચમકને વધુ ખાસ બનાવી દીધો. NSD BRM 2026ની ૨૫મી આવૃત્તિ ૨૭ જાન્યુઆરીથી ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી ૨૫ દિવસ સુધી ચાલશે, જેમાં ૨૨૮ ભારતીય અને આંતરરાષ્ટ્રીય ભાષાઓમાં ૨૭૭થી વધુ નિર્માણ પ્રદર્શિત થશે, જેમાં ઘણી ઓછી પ્રતિનિધિત્વ ધરાવતી ભાષાઓનો પણ સમાવેશ થાય છે. આ મહોત્સવ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક નિર્માણને એકસાથે લાવે છે, જેમાં નવ દેશો અને દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના નાટ્ય જૂથો ભાગ લેશે. ભારતની નાટ્ય વિવિધતાની ઉજવણી કરતા, મ્ઈઇ ૨૦૨૬ બાળકોના જૂથો, આદિવાસી સમુદાયો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના કલાકારો દ્વારા પ્રદર્શન રજૂ કરવામાં આવશે, જે NSD ની સમાવેશીતા અને નાટ્યને સાર્વત્રિક બનાવવા માટેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરશે. NSD સતત રંગભૂમિના પ્રસાર અને લોકશાહીકરણ માટે કામ કરી રહ્યું છે. તાજેતરમાં, તેણે રંગભૂમિને પ્રોત્સાહન આપવા માટે ઈન્ટરનેટ રેડિયો, રંગ આકાશ શરૂ કર્યો, તેમજ દેશભરના નાટ્યપ્રેમીઓને તેના કેટલાક મનપસંદ નિર્માણો પ્રદર્શિત કરવા માટે તેનું પોતાનું OTT પ્લેટફોર્મ 'નાટ્યમ' પણ શરૂ કર્યું.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028